ભુતકાળમાં અમદાવાદ ખાતે થયેલ આતંકવાદી હુમલામાં મોટા પાયે જાનમાલની ખુંવારી થયેલ જેમાં ગુજરાતના ઘણા નાગરીકોના અકાળે મૃત્યુ થયેલ. જે અંતર્ગત ગુજરાત સરકાર ગૃહ વિભાગના પરિપત્ર ક્રમાંક : વિ-૧/ક.અ.વ./૧૦૨૦૧૩/૧૯૧૫૪, તા. ૦૮-૧૦-૨૦૧૩થી આપેલ સુચનાનુસાર અને ભુતકાળના બનાવો જેવા કે, સને ૨૦૦૮માં સુરત શહેરમાં બોમ્બ બ્લાસ્ટ કરવાના થયેલા પ્રયત્નો, અમદાવાદ શહેરમાં બનેલા બોમ્બ બ્લાસ્ટના બનાવો, ગાંધીનગર અક્ષરધામ મંદીર ઉપર થયેલ હુમલા તથા ગુજરાતમાં આંતકવાદી હુમલાની સંભાવના અંગે ગુપ્તચર સંસ્થાઓ તરફથી વારંવાર મળતી માહિતી ધ્યાને લેતા બોટાદ જિલ્લાની સલામતી માટે કેટલાક પગલાં લેવા જરૂરી છે.

બોટાદ જિલ્લામાં નજીકના ભુતકાળમાં સગીરવયની બાળા પર દુષ્કર્મના પ્રર્યાસની ઘટના બનવા પામેલ તથા બહારના રાજયોમાંથી તથા દેશ બહારથી આંતકવાદી અને સમાજ વિરોધી તત્વો ખાસ કરીને ભીડભાડવાળા તથા લોકોની મોટી સંખ્યામાં અવર-જવરવાળા વિસ્તારોમાં સ્થાનિક વિસ્તારોથી માહિતગાર થઈને તેઓની ગેરકાયદેસરની પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી માનવ જીંદગીની ખુંવારી ન થાય અને લોકોની માલ મિલ્કતને નુકશાન ન થાય તે માટે તકેદારીના પગલાં રૂપે તમામ બેંકીંગ સંસ્થાઓ, સોના-ચાંદી તથા ડાયમંડના કિંમતી ઝવેરાત વેચનાર તથા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્ષ, થિયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શીયલ સેન્ટરો, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડીંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામગૃહ, બહુમાળી બિલ્ડીંગો, તેમજ જયા મોટા પ્રમાણમાં વિદ્યાર્થીનીઓ અભ્યાસ અર્થે જતા હોય તેવા સ્કુલ/કોલેજો અને ટયુશન કલાસીસો મોટા ધાર્મિક સ્થળો વિગેરે જગ્યાઓ ઉપર પુરતા પ્રમાણમાં CCTV કેમેરા લગાડવા તથા લોકોનું ચેકીંગ કરવું જરૂરી જણાય છે.

સીસીટીવી કેમેરા કેવી રીતે ગોઠવવા તથા સુચનાઓની અમલવારી

(૧) કોઈપણ જગ્યાની અંદરના ભાગ. સંપુર્ણ કવરેજ સતત થાય તે રીતે ગોઠવવા.

(૨) દરેક જગ્યાની અંદરના/બહાર ના ભાગે, બેઝમેન્ટ/ભુતલ પાર્કીંગ એરીયા, તથા પ્રવેશતા અને બહાર નિકળતા તમામ માણસો અને વાહનો ની અવર-જવર ને સ્પષ્ટ રીતે જોઈ શકાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૩) બિલ્ડીંગના બહારના ભાગે પી.ટી.ઝેડ ૨-મેગા પિકસલ (IP) કેમેરા ગોઠવવા.

(૪) શોપીંગ કોમ્પલેક્ષને મોલના માલીક/સંચલાકોએ તેની તમામ બાજુએ આવેલા સામેના જાહેર રોડ પરથી અવર જવરનું રેકોર્ડીંગ થઈ શકે તે પ્રમાણેના ૨-મેગા પિકસલ (IP) CCTV કેમેરા લગાડવાના રહેશે.

(૫) મોબાઈલના તમામ ટાવરો પાસે બિલ્ડીંગના ટેરેસ ઉપર ૨-મેગા પિકસલ (IP) CCTV કેમેરા લગાડવો.

(૬) તમામ પાર્કીંગની જગ્યામાં સંપૂર્ણ જગ્યાનું કવરેજ થાય તે રીતે ગોઠવવા.

(૭) રિશેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, તથા જાહેર પ્રજા માટે જયાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓનું સંપુર્ણ કવરેજ થાય તે રીતે કેમેરા ગોઠવવા.

(૮) મોલના એન્ટ્રીગેટના વિસ્તારમાં તેમજ EXIT ગેટ અને પાછળના વિસ્તારમાં પણ દરેક ગેટ પર ૨-મેગા પિકસલ (IP) CCTV કેમેરા સહીતની યોગ્ય સુરક્ષા વ્યવસ્થા ઉભી કરવાની રહેશે.

(૯) મોલની અંદર દાખલ થતા વાહનો (મોટર સાયકલ/ફોર વ્હીલર) વિગેરેનું ચેકીંગ કરવામાં આવે. પરંતુ આ પ્રકારના વાહનોની અંદર બેસેલ વ્યક્તિઓનું ચેકીંગ પણ સંપુર્ણ પણે કરાવવું જરૂરી છે.

(૧૦) તેમજ જયાં મોટા પ્રમાણમાં વિદ્યાર્થીનીઓ અભ્યાસ અર્થે જતા હોય તેવા સ્કુલ/કોલેજો અને ટયુશન કલાસીસો ખાતે સંસ્થાની અંદરની ભાગે તથા એન્ટ્રી ગેઈટ પર રોડને આવરી લે તે રીતે CCTV કેમેરા લગાવાના રહેશે.

(૧૧) મોલમાં માલ માલીકના ખર્ચે ખાનગી સીકયુરીટી રાખવી અનિવાર્ય રહેશે. તેઓ સીકયુરીટી ચેકના નિયમોથી માહીતગાર હોવા જોઈએ. આ અંગે તાલીમબધ્ધ થયેલ હોવા જોઈએ. મોલની સુરક્ષા ૨૪×૭ કલાક જાળવવામાં આવે તે જોવાનું રહેશે. મોલની મુલાકાત લેતી તમામ વ્યક્તિઓના લગેજ ચેકીંગની જવાબદારી સંપુર્ણ પણે મોલના માલીકોની રહેશે. મોલમાં સ્ફોટક પદાર્થો ન આવે તે અંગેની વ્યવસ્થા કરવાની રહેશે તેમજ મોલના ચેકીંગ સલામતી વ્યવસ્થા સ્નીફર ડોગ મારફત ઉભી કરવાની રહેશે.

(૧૨) રાત્રીના સમયે પણ સી.સી.ટીવી. કેમેરા નું રેકોર્ડીંગ સ્પષ્ટ રીતે દેખી શકાય તે રીતેના નાઈટ વિઝન અથવા આઈ.આર.હાઈડેફિનેશન કેમેરા લગાવવાના રહેશે અને જરૂરી પ્રકાશની વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૩) સી.સી.ટી.વી. કેમરાનું બેકઅપ મીનીમમ ૯૦ દિવસ સુધીનું રાખવાનું રહેશે અને સી.સી.ટી.વી. આઉટપુટ ડીસપ્લે (મોનીટર) અને ડી.વી.આર. જ્યારે પણ અધિકૃત અધિકારી ચેક કરવા માંગતા હોય ત્યારે તે સરળતાથી જોઈ શકે તે માટે જાણકાર ટેકનીશીયન સ્થળ ઉપર અથવા ટેલિફોન સંપર્ક ઉપર હાજર મળે તે રીતેની વ્યવસ્થા રાખવાની રહેશે.

(૫) હોટલ/લોજ/ગેસ્ટ હાઉસ/ધર્મશાળામાં રોકાણ કરનારની માહિતી રાખવા બાબત :

ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરોમાં તેમજ હોટલ, લોજ, બોર્ડીંગમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેરમાં લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશીષ કરે છે. જેથી બહારના રાજયોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો હોટલ, લોજ, બોર્ડીંગ ગેસ્ટ હાઉસ વિગેરે જગ્યાનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહીતગાર થઈ ને તેઓ ત્રાસવાદી/લુટ/ચોરી જેવી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી મકાન, હોટલ, લોજ, બોર્ડીંગમાં આશરો આપતા માલીકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

(૧) હોટલ, લોજ, બોર્ડીંગમાં કોઈપણ નાગરીક આવે ત્યારે તેના ડોકયુમેન્ટની વિગતો કોપી સહીતની લેવી.

(૨) ડોકયુમેન્ટની વગરના તેમજ અજાણ્યા નાગરીકોને હોટલ, લોજ બોર્ડીંગમાં પ્રવેશ આપવો નહીં.

(૩) તમામ નાગરીકના નામ, સરનામા, મોબાઈલ, ટેલીફોન સહીતના નક્કર પુરાવા મેળવવા.

(૪) બોટાદ જિલ્લામાં કઈ જગ્યાએ કયા કામ માટે કોને-કોને મળવાના છે ? કેટલો સમય રોકાવાના છે તેની સંપુર્ણ વિગત મેળવવી.

(૫) કોઈપણ નાગરીકની હોટલ/લોજ/ગેસ્ટ હાઉસ/બોર્ડીંગમાં શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલીક પોલીસને જાણ કરવી.

(૬) હોટલ, લોજ, બોર્ડીંગમાં સી.સી.ટી.વી. કેમેરાની વ્યવસ્થા રાખવી અને સી.સી. ટી.વી. રેકોર્ડીંગના બેકઅપ ત્રણ માસ સુધી રાખવાના રહેશે.

(૭) હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રોકાણ માટે આવતા મુસાફરો જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, રજીસ્ટ્રેશન નંબર, રજીસ્ટરમાં નોંધવાનો રહેશે. જો પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે.

(૮) હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રોકાણ માટે આવતા તમામ નાગરીકોની અન્ય જરૂરી માહિતી તમામ માહિતી રજીસ્ટરમાં નોંધવાની રહેશે.

આ ઉપરાંત હોટલ/લોજ/બોર્ડીંગ/ગેસ્ટહાઉસના માલીકો જયારે કોઈપણ વ્યક્તીને હોટલ/લોજ/બોર્ડીંગમાં રહેવા માટે આશરો આપે ત્યારે માલીકે તેવા વ્યક્તિઓનું ID પ્રુફ અને પુરૂ નામ સરનામું મેળવી એક નકલ પોતાની પાસે રાખી રજીસ્ટ્રરમાં નોંધ કરવાની રહેશે તેમજ પોલીસને જરૂર પડે મદદરૂપ થઈ શકે તે હેતુથી અમલવારી કરવાની રહેશે.

(૬) હોટલ/ગેસ્ટ હાઉસ/ધર્મશાળામાં રોકાણ કરનારની માહિતીને પથિક સોફટવેરમાં એન્ટ્રી કરવા બાબત :

બોટાદ જિલ્લો તેમજ બહારના જિલ્લા અને રાજયોમાંથી અગર દેશ બહારથી આવતા આવા લોકો હોટલ/ગેસ્ટ હાઉસ/ધર્મશાળામાં વિગેરે જગ્યાનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહીતગાર થઈને તેઓ લુટ/ચોરી/ધાડ/ત્રાસવાદી જેવી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી હોટલ/ગેસ્ટ હાઉસ/ધર્મશાળામાં આશરો આપતા માલીકો/મેનેજરો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે. બોટાદ જિલ્લાના હોટલ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળાના તમામ માલીકોએ તેમના હોટલ/ગેસ્ટ હાઉસ/ધર્મશાળામાં કોઈપણ વ્યક્તીને હોટલ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રહેવા માટે રૂમ અથવા આશરો આપે ત્યારે માલીકે તેવા વ્યક્તિઓનું ID પ્રુફ અને પુરૂ નામ સરનામું અને તેની નાગરિકતા અંગેની માહિતી મેળવી તેમના રજીસ્ટ્રરમાં નોંધ કરવાની સાથે-સાથે રીશેપ્શન કાઉન્ટર ઉપર ઈન્ટરનેટ કનેકટીવીટી સાથેનું એક કોમ્પ્યુટર રાખવું તેમા ગુજરાત પોલીસ દ્વારા તૈયાર કરવામાં આવેલ PATHIK (Program For Analysis Of Traveller & Hotel Informatiks) ઈન્સટોલ કરાવી રજીસ્ટ્રરમાં થતી એન્ટ્રી આ PATHIK સોફટવેરમાં પણ કરવાની રહેશે. જેથી પોલીસને જરૂર પડે તપાસમાં મદદરૂપ થઈ શકે તે હેતુથી અમલવારી કરવાની રહેશે.

ઉકત જણાવેલ તમામ વિગતો મુજબ બોટાદ શહેર તથા જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તેમજ જાહેર સુરક્ષા અને સલામતી માટે ઉકત ગુન્હાઓ બનતા અટકાવવા અને જો બનાવ બને તો તે બનાવને અંજામ આપનાર ઈસમ સુધી પહોંચવા માટે અને તેની ઓળખ મેળવવી આવશ્યક છે. આથી હું પી. એલ. ઝણકાત, (G.A.S.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છુ કે, બોટાદ શહેર તથા જિલ્લાના મોબાઈલ-સીમકાર્ડ (નવા/જુના)નું વેચાણ કરનાર વિકેતાઓ, સાયકલ/મોપેડ/વિદ્યુતથી ચાલતા વાહનો તથા જુના વાહનો...(તમામ પ્રકારના ફોર વ્હીલર, થ્રી વ્હીલર, ટુ વ્હીલર)ના વેપારીઓ,

સમગ્ર બોટાદ જિલ્લા વિસ્તારમાં આવેલ તમામ શહેરી વિસ્તારો, ઓદ્યોગીક વિસ્તારો તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં કોઈ પણ મકાન માલીક અગર તો આ માટે આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યક્તિઓએ, બોટાદ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં હોટલ/ગેસ્ટ હાઉસ/મુસાફરખાના, રાહતદરે ચાલતી કે સખાવતથી ચાલતી, તમામ સહકારી, ધાર્મીક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓના માલીકોએ ઉપર દર્શાવ્યા મુજબના કોલમવાઈઝ રજીસ્ટર નિભાવવાનું રહેશે, અને હોટલ/ગેસ્ટહાઉસ/મુસાફરખાના, રાહતદરે ચાલતી કે સખાવતી ચાલતી, તમામ સહકારી, ધાર્મિક કે ટ્રસ્ટના અને ખાનગી વ્યવસાયો/સંસ્થાઓમાં સી.સી.ટી.વી. કેમેરા, આઈ.પી. કેમેરા નાઈટ વિઝન સાથે લગાવવાના રહેશે, તેની ફરજીયાત જાળવણી કરવાની રહેશે. તેમજ માંગણી થયેથી પોલીસ અધિક્ષક, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ કે તેમના તાબાના અધિકારીને ઉપલબ્ધ કરાવવાની રહેશે.

સદરહું હુકમ તા. ૧૯-૧૧-૨૦૨૫ થી તા. ૧૭-૦૧-૨૦૨૬ સુધી (બંને દિવસો સુધ્ધા) દિન-૬૦ માટે અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનુ આથી હું ફરમાવું છું.

આજ તા. ૧૫-૧૧-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

બોટાદ, ૧૫ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ (૧) અન્વયે કાઢેલો હુકમ

જાહેરનામું

નં. ડીએમ/વશી/૨૩૪૯/૨૦૨૫.-શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતીની ઉજવણી કરવાનું સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ હોય આ જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે તા. ૧૮-૧૧-૨૦૨૫ના રોજ ગઢડા તાલુકાના ભીમડાદ ગામથી ટાટમ ગામ ગુરુકુળ (ગઢડા-બોટાદરોડ) સુધી બોટાદ જીલ્લા વહીવટી તંત્ર દ્વારા જીલ્લા કક્ષાનો પદયાત્રા કાર્યક્રમનું આયોજન કરેલ હોય, જે પદયાત્રાનો આશરે આઠ કિ.મી જેટલો લાંબો રૂટ છે. જે કાયક્રમમાં મોટી સંખ્યામાં જનમેદની પદયાત્રા સાથે જોડાનાર છે. જેમાં આશરે છ હજાર જેટલી જન મેદની એકત્રીત થનાર છે. જેમાં સ્કુલ, કોલેજનાં વિદ્યાર્થીઓ તથા જાહેર જનતા આ પદયાત્રામાં ભીમડાદ ગામથી ટાટમ ગામ ગુરુકુળ સુધી પદયાત્રા કરનાર છે. જેમાં આ યાત્રાનો આશરે (૩) ત્રણ કિ.મી.નો રૂટ બોટાદ થી ગઢડા જતા મેઈન નેશનઈ હાઈવે પર આવેલ છે. જે હાઈવે ઉપર વાહનોની અવર-જવર ખુબજ રહેતી હોય, અને રોડ વાહનોથી ભરચક રહેતો હોય, જેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે માટે કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને જાહેર શાંતી, સલામતી જળવાઈ રહે તે માટે ગઢડા હાઈસ્કુલ ચાર રસ્તાથી બોટાદ સીટી સુધી તમામ (આવતા-જતા) વાહનો માટે બંધ કરવવા પોલીસ અધિક્ષકશ્રી, બોટાદની તા. ૧૫-૧૧-૨૦૨૫ ના પત્ર નં. ટ્રાફીક/જાહેર માર્ગ બંધ/જાહેરનામુ/૧૦૦૦/૨૦૨૫ થી દરખાસ્ત રજૂ થયેલ છે.

પોલીસ અધિક્ષકશ્રી તરફથી રજુ થયેલ દરખાસ્ત અન્વયે ગઢડા હાઈસ્કુલ ચાર રસ્તાથી બોટાદ સીટી સુધી તમામ (આવતા-જતા) વાહનો માટે બંધ કરવો જરૂરી હોય, જે બાબતે વાહનો માટે વૈકલ્પિક રૂટ નકકી કરવો જરૂરી જણાય છે.

સબબ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) (બી) નીચે મને મળેલ અધિકારની રૂ એ હું, પી. એલ. ઝણકાત, (G.A.S.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, નીચે મુજબના રસ્તા ઉપર વાહનોને પસાર થવાનું ફરમાવું છું.

જાહેરનામાની અમલવારીના સમયગાળા દરમિયાન નીચે મુજબના વૈકિલ્પક રૂટનો ઉપયોગ કરવાનો રહેશે.

વૈકલ્પિક રૂટ (૧) ગઢડા થી બોટાદ તરફ જવા માટે ગઢડા-ઉગામેડી-નિંગાળા-પાટી-તાજપર-બોટાદ

વૈકલ્પિક રૂટ (૨) બોટાદ થી ગઢડા તરફ આવવા માટે તાજપર-પાટી-નિંગાળા-ઉગામેડી-ગઢડા

આ જાહેરનામું તા. ૧૮-૧૧-૨૦૨૫ ના કલાક ૭-૦૦ વાગ્યાથી કલાક ૧૬-૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમ/જાહેરનામાનો ભંગ/ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના અધિકારીને અધિકાર રહેશે.

ઉપર જણાવેલ સ્થળે આ જાહેરનામાની નકલો ચોંટાડીને તથા વર્તમાનપત્રો મારફત આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ તા. ૧૫-૧૧-૨૦૨૫ ના મારી સહી તથા કચેરીના સીક્કા કરી જાહેર જનતાની જાણ માટે જાહેરનામું બહાર પાડવામાં આવે છે.

બોટાદ, ૧૫ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

પી. એલ. ઝણકાત
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
બોટાદ.

પોલીસ કમિશ્નર દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) તથા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) -૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસબી/૧૪/પરીક્ષા/જાહેરનામું/૪૭૬૫/૨૦૨૫.-ગુજરાત રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા પ્રાથમિક / માધ્યમિક શિક્ષણ શિષ્યવૃતિ - ૨૦૨૫/૨૬ ની પરીક્ષા રાજકોટ શહેરમાં અલગ-અલગ શાળા-કોલજોમાં

કુલ-૨૪ કેન્દ્રો તા. ૨૯-૧૧-૨૦૨૫ ના રોજ કલાક ૧૩-૦૦ થી કલાક ૧૫-૦૦ વાગ્યા દરમ્યાન લેવનાર છે. તથા ઓલ ઈન્ડીયા બાર પરીક્ષા ન્યુ દિલ્હી દ્વારા વ્યવસાય/એડવોકેટસ અને કાનૂની શિક્ષણનું નિયમન કરવા માટેની એડવોકેટસ ની પરીક્ષા રાજકોટ શહેરમાં અલગ-અલગ શાળા-કોજોમાં કુલ-૦૭ કેન્દ્રો ખાતે તા.૩૦-૧૧-૨૦૨૫ ના રોજ કલાક ૧૩-૦૦ થી કલાક ૧૬-૦૦ વાગ્યા દરમ્યાન લેવાનાર છે.

આ પરીક્ષાઓ પરીક્ષાર્થીઓ કોઈપણ જાતની ખલેલ વિના પરીક્ષા મુકત અને શાંત વાતાવરણમાં આપી શકે તેમજ બહારના કોઈ તોફાની તત્વો આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને ખલેલ પહોંચાડે નહી તથા પરીક્ષા દરમ્યાન કોઈ ગેરકાયદેસરની પ્રવૃતિ આચરે નહી તે માટે તા. ૨૯/૩૦-૧૧-૨૦૨૫ ના રોજ કલાક ૧૧-૦૦ થી કલાક ૧૭-૦૦ વાગ્યા સુધી શહેરના જે જે પરીક્ષા કેન્દ્રો (શાળાઓ, કોલેજો) માં પરીક્ષા લેવાનાર છે. તે તે કેન્દ્રો (શાળાઓ, કોલેજો)ના કંપાઉન્ડમાં તેમજ તેની ચારેય બાજુ ત્રિજ્યામાં ૧૦૦ મીટરની ત્રીજ્યાના વિસ્તારમાં પરીક્ષાર્થીઓને ખલેલ ન પડે તે માટે કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ એકત્રિત થાશે નહી કે શાળાઓસ, કોલેજો (કેન્દ્રો) માં પ્રવેશ કરશે નહી કે વાહન લઈ જઈ શકશે નહી કે લાવશે નહી કે ચારથી વધુ માણસો ભેગા થાશે નહી કે વિદ્યાર્થીઓ પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન લઈ જઈ શકે નહી તેમજ ઝેરોક્ષ મશીનો બંધ રાખવા વિગેરે બાબતોને લઈને પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.

હું, બ્રજેશ કુમાર ઝા, (આઈ.પી.એસ.), પોલીસ કમિશ્નર, રાજકોટ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) તથા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તા અને અધિકારની રૂએ અધિક પોલીસ કમિશ્નર થી પોલીસ હેડ કોન્સટેબલ સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા જી.પી. એકટ કલમ-૧૩૫ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે. તેમજ નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર તા. ૨૯/૩૦-૧૧-૨૦૨૫ ના કલાક ૧૧-૦૦ થી કલાક ૧૭-૦૦ સુધી પ્રતિબંધ ફરમાવું છું.

: પ્રતિબંધિત કૃત્યો :

(૧) રાજકોટ શહેર વિસ્તારમાં જે જે શાળાઓને પરીક્ષા કેન્દ્ર તરીકે નક્કી કરવામાં આવેલ છે તે શાળાઓ (પરીક્ષા કેન્દ્રો) કંપાઉન્ડની ચારે બાજુની ત્રિજયાના ૧૦૦ મીટરના વિસ્તારમાં અનઅધિકૃત વ્યકિતઓ એકત્રીત થશે નહીં.

(૨) શાળાઓ (પરીક્ષા કેન્દ્રો)ની આજુબાજુની ૧૦૦ મીટરની ત્રીજયામાં કોઈ સ્ટેશનર્સ કે વેપારીઓ ઝેરોક્ષ મશીન ચાલુ રાખશે નહીં કે શાળાઓમાં સંચાલકો ઝેરોક્ષ મશીન ચાલુ રાખશે નહીં.

(૩) શાળાઓની ૧૦૦ મીટરની ત્રીજયામાં કોઈ વ્યકિત વાહનો લાવશે નહી અને શાળાઓમાં વાહનો લઈ જશે નહીં.

(૪) શાળાઓ (પરીક્ષા કેન્દ્રો)ની ૧૦૦ મીટરની ત્રીજયામાં ચાર કે તેથી વધારે વ્યકિતઓના ભેગા થશે નહીં.

(૫) શાળાઓ (પરીક્ષા કેન્દ્રો)માં પરીક્ષાર્થીઓએ પ્રશ્નપત્રને લગતુ સાહિત્ય, પુસ્તક, ગાઈડ, ચાર્ટ, મોબાઈલ ફોન, ટેબ્લેટ, I-pad, સ્માર્ટ વોચ, જેવા ડિજીટલ ઉપકરણો વિગેરે પરીક્ષા સ્થળ અને પરીક્ષા ખંડમાં લઈ જવા નહી તેમજ સુપરવાઈઝરોએ પણ પરીક્ષા ખંડમાં મોબાઈલ ફોન લઈ જવા નહી.

(૬) શાળાઓ (પરીક્ષા કેન્દ્રો) ના સ્થળ સંચાલક, સુપરવાઈઝર (ખંડ નિરીક્ષકો), સરકારી પ્રતિનિધિ અને વર્ગ-૪ ના પરીક્ષા કેન્દ્રોના બિલ્ડીગમાં ફરજ બજાવતા કર્મચારીઓએ ચોકસાઈ પુર્વકનું ઓળખકાર્ડ સાથે રાખવાનું રહેશે તે ઓળખકાર્ડ સંબંધિતોએ પહેરવાનું રહેશે. ઓળખકાર્ડ સિવાયની કોઈપણ વ્યકિત શાળાના (પરીક્ષા કેન્દ્રો) બિલ્ડીંગમાં પ્રવેશ કરી શકશે નહી.

(૭) શાળા (પરીક્ષા કેન્દ્ર) આજુબાજુની ૨૦૦ મીટરની ત્રીજયામાં લાઉડ સ્પીકર વગાડી શકાશે નહી.

: વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હુકમત હેઠળના વિસ્તારમાં આવેલ તમામ પરીક્ષા કેન્દ્રો.

: અપવાદ :

આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામાં આવે છે.

(૧) સ્થાનિક સતાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યકિત કે વ્યકિત સમુહ, તેમજ પરીક્ષા કાર્યમાં રોકાયેલ તમામ ઓળખપત્ર ધરાવતી વ્યકિતઓ તેમજ ઓળખપત્ર ધરાવતા પરીક્ષાર્થીઓ (પરીક્ષાર્થીઓ મોબાઈલ ફોન સાથે લઈ જઈ શકશે નહીં.)

(૨) કોઈ લગ્નના વરઘોડાને,.

(૩) કોઈ સ્મશાન યાત્રાને,

(૪) ફરજ પરના પોલીસ/એસઆરપી/હોમગાર્ડ/જી.આર.ડી.ના અધિકારી તથા જવાનોને.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા જી.પી. એકટ કલમ-૧૩૫ મુજબ શીક્ષાને પાત્ર થાય છે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાનીજા સારૂ વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોંટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઈન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધી કરવી.

આજ રોજ તા. ૨૮-૧૧-૨૦૨૫ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૮ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) તથા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) -૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ

જાહેરનામું

ક્રમાંક : એસબી/૧૪/UPSC પરીક્ષા/જાહેરનામું/૪૭૩૮/૨૦૨૫.- યુ.પી.એસ.સી. નવી દિલ્હી દ્વારા લેવાનાર એમ્પ્લોયમેન્ટ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન માટે આસીસ્ટન્ટ પ્રોવિડન્ટ ફંડ કમિશ્નર અને એન્ફોર્સમેન્ટ ઓફિસર/એકાઉન્ટ ઓફિસરીન સંયુકત પરીક્ષા રાજકોટ શહેરમાં અલગ-અલગ શાળા-કોલેજોમાં કુલ-૪ કેન્દ્રોમાં તા. ૩૦-૧૧-૨૦૨૫ ના ક. ૯-૩૦ થી ૧૧-૩૦ વાગ્યા દરમ્યાન લેવાનાર છે.

આ પરીક્ષાઓ પરીક્ષાર્થીઓ કોઈપણ જાતની ખલેલ વિના પરીક્ષા મુકત અને શાંત વાતાવરણમાં આપી શકે તેમજ બહારના કોઈ તોફાની તત્વો આ પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રો ખાતે પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને ખલેલ પહોંચાડે નહી તથા પરીક્ષા દરમ્યાન કોઈ ગેરકાયદેસરની પ્રવૃતિ આચરે નહી તે માટે તા. ૩૦-૧૧-૨૦૨૫ ના રોજ કલાક ૮-૦૦ થી કલાક ૧૩-૦૦ વાગ્યા સુધી શહેરના જે જે પરીક્ષા કેન્દ્રો (શાળાઓ, કોલેજો)માં પરીક્ષા લેવાનાર છે. તે તે કેન્દ્રો (શાળાઓ, કોલેજો)ના કંપાઉન્ડમાં તેમજ તેની ચારેય બાજુ ત્રિજીયામાં ૧૦૦ મીટરની ત્રીજીયાના વિસ્તારમાં પરીક્ષાર્થીઓને ખલેલ ન પડે તે માટે કોઈપણ અનઅધિકૃત વ્યકિતઓ એકત્રિત થાશે નહી કે શાળાઓસ, કોલેજો (કેન્દ્રો) માં પ્રવેશ કરશે નહી કે વાહન લઈ જઈ શકશે નહી કે લાવશે નહી કે ચારથી વધુ માણસો ભેગા થાશે નહી કે વિદ્યાર્થીઓ પરીક્ષા કેન્દ્રમાં મોબાઈલ ફોન લઈ જઈ શકે નહી તેમજ ઝેરોક્ષ મશીનો બંધ રાખવા વિગેરે બાબતોને લઈને પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.

હું, બ્રજેશ કુમાર ઝા, (આઈ.પી.એસ.), પોલીસ કમિશ્નર, રાજકોટ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) તથા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ સત્તા અને અધિકારની રૂએ અધિક પોલીસ કમિશ્નર થી પોલીસ હેડ કોન્સટેબલ સુધીનો હોદો ધરાવનાર તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા જી.પી. એકટ કલમ-૧૩૫ મુજબ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે. તેમજ નીચે જણાવેલ કૃત્યો કરવા ઉપર તા. ૩૦-૧૧-૨૦૨૫ ના કલાક ૮-૦૦ થી કલાક ૧૩-૦૦ સુધી પ્રતિબંધ ફરમાવું છું.

: કૃત્યો :

(૧) રાજકોટ શહેર વિસ્તારમાં જે જે શાળાઓને પરીક્ષા કેન્દ્ર તરીકે નક્કી કરવામાં આવેલ છે તે શાળાઓ (પરીક્ષા કેન્દ્રો) કંપાઉન્ડની ચારે બાજુની ત્રિજયાના ૧૦૦ મીટરના વિસ્તારમાં અનઅધિકૃત વ્યકિતઓ એકત્રીત થશે નહીં.

(૨) શાળાઓ (પરીક્ષા કેન્દ્રો)ની આજુબાજુની ૧૦૦ મીટરની ત્રીજયામાં કોઈ સ્ટેશનર્સ કે વેપારીઓ ઝેરોક્ષ મશીન ચાલુ રાખશે નહીં કે શાળાઓમાં સંચાલકો ઝેરોક્ષ મશીન ચાલુ રાખશે નહીં.

(૩) શાળાઓની ૧૦૦ મીટરની ત્રીજયામાં કોઈ વ્યકિત વાહનો લાવશે નહી અને શાળાઓમાં વાહનો લઈ જશે નહીં.

(૪) શાળાઓ (પરીક્ષા કેન્દ્રો)ની ૧૦૦ મીટરની ત્રીજયામાં ચાર કે તેથી વધારે વ્યકિતઓના ભેગા થશે નહીં.

(૫) શાળાઓ (પરીક્ષા કેન્દ્રો)માં પરીક્ષાર્થીઓએ પ્રશ્નપત્રને લગતુ સાહિત્ય, પુસ્તક, ગાઈડ, ચાર્ટ, મોબાઈલ ફોન, ટેબ્લેટ, I-pad, સ્માર્ટ વોચ, જેવા ડિજીટલ ઉપકરણો વિગેરે પરીક્ષા સ્થળ અને પરીક્ષા ખંડમાં લઈ જવા નહી તેમજ સુપરવાઈઝરોએ પણ પરીક્ષા ખંડમાં મોબાઈલ ફોન લઈ જવા નહી.

(૬) શાળાઓ (પરીક્ષા કેન્દ્રો) ના સ્થળ સંચાલક, સુપરવાઈઝર (ખંડ નિરીક્ષકો), સરકારી પ્રતિનિધિ અને વર્ગ-૪ ના પરીક્ષા કેન્દ્રોના બિલ્ડીગમાં ફરજ બજાવતા કર્મચારીઓએ ચોકસાઈ પુર્વકનું ઓળખકાર્ડ સાથે રાખવાનું રહેશે તે ઓળખકાર્ડ સંબંધિતોએ પહેરવાનું રહેશે. ઓળખકાર્ડ સિવાયની કોઈપણ વ્યકિત શાળાના (પરીક્ષા કેન્દ્રો) બિલ્ડીંગમાં પ્રવેશ કરી શકશે નહી.

(૭) શાળા (પરીક્ષા કેન્દ્ર) આજુબાજુની ૨૦૦ મીટરની ત્રીજયામાં લાઉડ સ્પીકર વગાડી શકાશે નહી.

: વિસ્તાર :

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હુકમત હેઠળના વિસ્તારમાં આવેલ તમામ પરીક્ષા કેન્દ્રો.

: અપવાદ :

આ હુકમમાંથી નીચે જણાવેલ વ્યકિતઓને મુકિત આપવામાં આવે છે.

(૧) સ્થાનિક સતાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યકિત કે વ્યકિત સમુહ, તેમજ પરીક્ષા કાર્યમાં રોકાયેલ તમામ ઓળખપત્ર ધરાવતી વ્યકિતઓ તેમજ ઓળખપત્ર ધરાવતા પરીક્ષાર્થીઓ (પરીક્ષાર્થીઓ મોબાઈલ ફોન સાથે લઈ જઈ શકશે નહીં.)

(૨) કોઈ લગ્નના વરઘોડાને.

(૩) કોઈ સ્મશાન યાત્રાને,

(૪) ફરજ પરના પોલીસ/એસઆરપી/હોમગાર્ડ/જી.આર.ડી.ના અધિકારી તથા જવાનોને.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ તથા જી.પી. એકટ કલમ-૧૩૫ મુજબ શીક્ષાને પાત્ર થાય છે.

હુ આથી આદેશ આપુ છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોટાડીને લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી કરવી.

આજ રોજ તા. ૨૬-૧૧-૨૦૨૫ ના રોજ મારી સહી અને સીક્કો કરી આપેલ છે.

રાજકોટ, ૨૬ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

બ્રજેશ કુમાર ઝા
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર, રાજકોટ.

જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૧૪(૨) તથા કલમ-૨૦(૧)ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગના સત્તા સોંપણીના તા. ૨૧-૦૭-૨૦૧૧ ના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) અત્રેની કચેરીનો ફડચાનો અંતિમ હુકમ નંબર : ફડચ/ગ-૩/૨૦૮૩ થી ૨૦૯૧/૨૦૨૦, તા. ૧૫-૧૨-૨૦૨૦.

(૪) ફડચા અધિકારી શ્રી ઉમા કન્ઝયુમર્સ કો. ઓપરેટીવ સોસાયટી લી. (ફ.) મુ. લાઠી, તા. લાઠી, જિ. અમરેલી અને શ્રી સહકારી અધિકારી ગ્રેડ-૨ (ફડચો) લગત જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ અમરેલીના તા. ૧૪-૧૧-૨૦૨૫ ના પત્ર ક્રમાંક : સઅફ/ફ/૪૪૫/૨૦૨૫ ની નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત.

હુકમ

ક્રમાક : સકક/ફડચ/ગ-૩/e-sarkar/૨૦૨૫.-આથી હું. એસ. આર. અણીયાળીયા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને-૧૯૬૧ની કલમ-૧૧૪(૨) તથા ૨૦(૧)

ની જોગવાઈ તથા વંચાણે લીધેલ ક્રમાંક-(૨) થી મને મળેલ અધિકારની રૂએ શ્રી ઉમા કન્ઝ્યુમર્સ કો. ઓપરેટીવ સોસાયટી લી. (ફ.) મુ. લાઠી, તા. લાઠી, જિ. અમરેલી કે જેનો નોંધણી નંબર-ભં.૩૫૩૯, તા. ૧૮-૦૭-૧૯૯૫ થી નોંધાયેલ છે. તેની ફડચાની કામગીરી સમાપ્ત થયેલ જાહેર કરૂ છું. તેમજ આજ કાયદાની કલમ-૨૦(૧) હેઠળ મંડળીની નોંધણી રદ કરૂ છું.

અમરેલી, ૧૭ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૧૪(૨) તથા કલમ-૨૦(૧)ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગના સત્તા સોંપણીના તા. ૨૧-૦૭-૨૦૧૧ ના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) અત્રેની કચેરીનો ફડચાનો અંતિમ હુકમ નંબર : સકક/ફડચ/ગ-૩/૧૬૫૦ થી ૧૬૫૮/૨૦૨૦, તા. ૨૯-૧૦-૨૦૨૦.

(૪) ફડચા અધિકારી શ્રી રાજલ કૃપા ગ્રાહક સહકારી મંડળી લી. (ફ.) મુ. અમરેલી, તા. અમરેલી, જિ. અમરેલી અને શ્રી સહકારી અધિકારી ગ્રેડ-૨ (ફડચો) લગત જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ અમરેલીના તા. ૧૩-૧૧-૨૦૨૫ ના પત્ર ક્રમાંક : સઅફ/ફ/૪૪૧/૨૦૨૫ ની નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત.

હુકમ

ક્રમાક : સકક/ફડચ/ગ-૩/e-sarkar/૨૦૨૫.-આથી હું. એસ. આર. અણીયાળીયા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને-૧૯૬૧ની કલમ-૧૧૪(૨) તથા ૨૦(૧) ની જોગવાઈ તથા વંચાણે લીધેલ ક્રમાંક-(૨) થી મને મળેલ અધિકારની રૂએ શ્રી રાજલ કૃપા ગ્રાહક સહકારી મંડળી લી. (ફ.) મુ. અમરેલી, તા. અમરેલી, જિ. અમરેલી કે જેનો નોંધણી નંબર-ભ.૪૮૫૯, તા. ૨૮-૧૦-૧૯૯૯ થી નોંધાયેલ છે. તેની ફડચાની કામગીરી સમાપ્ત થયેલ જાહેર કરૂ છું. તેમજ આજ કાયદાની કલમ-૨૦(૧) હેઠળ મંડળીની નોંધણી રદ કરૂ છું.

અમરેલી, ૧૭ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૧૪(૨) તથા કલમ-૨૦(૧)ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગના સત્તા સોંપણીના તા. ૨૧-૦૭-૨૦૧૧ ના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) અત્રેની કચેરીનો ફડચાનો અંતિમ હુકમ નંબર : સકક/ફડચ/ગ-૩/૧૬૪૧ થી ૧૬૪૯/૨૦૨૦, તા. ૨૯-૧૦-૨૦૨૦.

(૪) ફડચા અધિકારી શ્રી ચામુંડા કૃપા ગ્રાહક સહકારી ભંડાર લી. (ફ.) મુ. તા. સાવરકુંડલા, જિ. અમરેલી અને શ્રી સહકારી અધિકારી ગ્રેડ-૨ (ફડચો) લગત જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ અમરેલીના તા. ૧૪-૧૧-૨૦૨૫ ના પત્ર ક્રમાંક : સઅફ/ફ/૪૪૩/૨૦૨૫ ની નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત.

હુકમ

ક્રમાક : સકક/ફડચ/ગ-૩/e-sarkar/૨૦૨૫.-આથી હું. એસ. આર. અણીયાળીયા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને-૧૯૬૧ની કલમ-૧૧૪(૨) તથા ૨૦(૧) ની જોગવાઈ તથા વંચાણે લીધેલ ક્રમાંક-(૨) થી મને મળેલ અધિકારની રૂએ શ્રી ચામુંડા કૃપા ગ્રાહક સહકારી ભંડાર લી. (ફ.) મુ. તા. સાવરકુંડલા, જિ. અમરેલી કે જેનો નોંધણી નંબર-ભ.૪૮૬૦, તા. ૩૦-૧૧-૧૯૯૯ થી નોંધાયેલ છે. તેની ફડચાની કામગીરી સમાપ્ત થયેલ જાહેર કરૂ છું. તેમજ આજ કાયદાની કલમ-૨૦(૧) હેઠળ મંડળીની નોંધણી રદ કરૂ છું.

અમરેલી, ૧૭ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૧૪(૨) તથા કલમ-૨૦(૧)ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગના સત્તા સોંપણીના તા. ૨૧-૦૭-૨૦૧૧ ના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) અત્રેની કચેરીનો ફડચાનો અંતિમ હુકમ નંબર : સકક/ફડચ/ગ-૩/૧૬૫૯ થી ૧૬૬૭/૨૦૨૦, તા. ૨૯-૧૦-૨૦૨૦.

(૪) ફડચા અધિકારી શ્રી ચામુંડા કૃપા ગ્રાહક સહકારી ભંડાર લી. (ફ.) મુ. રાજુલા, તા. રાજુલા, જિ. અમરેલી અને શ્રી સહકારી અધિકારી ગ્રેડ-૨ (ફડચો) લગત જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ અમરેલીના તા. ૧૩-૧૧-૨૦૨૫ ના પત્ર ક્રમાંક : સઅફ/ફ/૪૪૨/૨૦૨૫ ની નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત.

હુકમ

ક્રમાક : સકક/ફડચ/ગ-૩/e-sarkar/૨૦૨૫.-આથી હું. એસ. આર. અણીયાળીયા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને-૧૯૬૧ની કલમ-૧૧૪(૨) તથા ૨૦(૧) ની જોગવાઈ તથા વંચાણે લીધેલ ક્રમાંક-(૨) થી મને મળેલ અધિકારની રૂએ શ્રી ચામુંડા કૃપા ગ્રાહક સહકારી ભંડાર લી. (ફ.) મુ. રાજુલા, તા. રાજુલા, જિ. અમરેલી કે જેનો નોંધણી નંબર-ભ.૫૩૧૨, તા. ૧૬-૦૬-૨૦૦૪ થી નોંધાયેલ છે. તેની ફડચાની કામગીરી સમાપ્ત થયેલ જાહેર કરૂ છું. તેમજ આજ કાયદાની કલમ-૨૦(૧) હેઠળ મંડળીની નોંધણી રદ કરૂ છું.

અમરેલી, ૧૭ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૧૪(૨) તથા કલમ-૨૦(૧)ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગના સત્તા સોંપણીના તા. ૨૧-૦૭-૨૦૧૧ ના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) અત્રેની કચેરીનો ફડચાનો અંતિમ હુકમ નંબર : ફડચ/ગ-૩/૩૮૦ થી ૩૮૯/૨૦૨૨, તા. ૦૪-૦૪-૨૦૨૨.

(૪) ફડચા અધિકારી શ્રી લાખાપાદર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. (ફ) મુ. લાખાપાદર, તા. કુંકાવાવ, જિ. અમરેલી અને શ્રી સહકારી અધિકારી ગ્રેડ-૨ (ફડચો) લગત જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ અમરેલીના તા. ૧૪-૧૧-૨૦૨૫ ના પત્ર ક્રમાંક : સઅફ/ફ/૪૪૪/૨૦૨૫ ની નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત.

હુકમ

ક્રમાક : સકક/ફડચ/ગ-૩/e-sarkar/૨૦૨૫.-આથી હું. એસ. આર. અણીયાળીયા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને-૧૯૬૧ની કલમ-૧૧૪(૨) તથા ૨૦(૧) ની જોગવાઈ તથા વંચાણે લીધેલ ક્રમાંક-(૨) થી મને મળેલ અધિકારની રૂએ શ્રી લાખાપાદર દુધ ઉત્પાદક સહકારી મંડળી લી. (ફ) મુ. લાખાપાદર, તા. કુંકાવાવ, જિ. અમરેલી કે જેનો નોંધણી નંબર-સે.દુ.૯૦૭૧, સને-૧૯૮૪ થી નોંધાયેલ છે. તેની ફડચાની કામગીરી સમાપ્ત થયેલ જાહેર કરૂ છું. તેમજ આજ કાયદાની કલમ-૨૦(૧) હેઠળ મંડળીની નોંધણી રદ કરૂ છું.

અમરેલી, ૧૭ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૧૪(૨) તથા કલમ-૨૦(૧)ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગના સત્તા સોંપણીના તા. ૨૧-૦૭-૨૦૧૧ ના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) અત્રેની કચેરીના અંતિમ હુકમ નંબર : ફડચ/ગ-૩/૧૦૨ થી ૧૧૦/૨૦૨૧, તા. ૧૮-૦૧-૨૦૨૧.

(૪) ફડચા અધિકારી શ્રી દાતરડી ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. દાતરડી, તા. રાજુલા, જિ. અમરેલી અને શ્રી સહકારી અધિકારી ગ્રેડ-૨ (ફડચો) લગત જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ અમરેલીના તા. ૧૪-૧૧-૨૦૨૫ ના પત્ર ક્રમાંક : સઅફ/ફ/૪૪૭/૨૦૨૫ ની નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત.

હુકમ

ક્રમાક : સકક/ફડચ/ગ-૩/e-sarkar/૨૦૨૫.-આથી હું. એસ. આર. અણીયાળીયા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને-૧૯૬૧ની કલમ-૧૧૪(૨) તથા ૨૦(૧) ની જોગવાઈ તથા વંચાણે લીધેલ ક્રમાંક-(૨) થી મને મળેલ અધિકારની રૂએ શ્રી દાતરડી ફળ અને શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. દાતરડી, તા. રાજુલા, જિ. અમરેલી કે જેનો નોંધણી નંબર- ૩૨૯૬૧, તા. ૧૬-૧૦-૨૦૦૨ થી નોંધાયેલ છે. તેની ફડચાની કામગીરી સમાપ્ત થયેલ જાહેર કરૂ છું. તેમજ આજ કાયદાની કલમ-૨૦(૧) હેઠળ મંડળીની નોંધણી રદ કરૂ છું.

અમરેલી, ૧૭ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૧૪(૨) તથા કલમ-૨૦(૧)ની જોગવાઈઓ.

(૨) સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગના સત્તા સોંપણીના તા. ૨૧-૦૭-૨૦૧૧ ના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૬૨/૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ.

(૩) અત્રેની કચેરીના અંતિમ હુકમ નંબર : ફડચ/ગ-૩/૮૬૯ થી ૮૭૬/૨૦૨૨, તા. ૨૨-૦૬-૨૦૨૨.

(૪) ફડચા અધિકારી શ્રી સુખનાથ મજુર બાંધકામ સહકારી મંડળી લી. (ફ) મુ. અમરેલી, તા. લી, જિ. અમરેલી અને શ્રી સહકારી અધિકારી ગ્રેડ-૨ (ફડચો) લગત જીલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ અમરેલીના તા. ૧૪-૧૧-૨૦૨૫ ના પત્ર ક્રમાંક : સઅફ/ફ/૪૪૭/૨૦૨૫ ની નોંધણી રદ કરવા અંગેની દરખાસ્ત.

હુકમ

ક્રમાક : સકક/ફડચ/ગ-૩/e-sarkar/૨૦૨૫.-આથી હું. એસ. આર. અણીયાળીયા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ સને-૧૯૬૧ની કલમ-૧૧૪(૨) તથા ૨૦(૧) ની જોગવાઈ તથા વંચાણે લીધેલ ક્રમાંક-(૨) થી મને મળેલ અધિકારની રૂએ શ્રી સુખનાથ મજુર બાંધકામ સહકારી મંડળી લી. (ફ) મુ. અમરેલી, તા. અમરેલી, જિ. અમરેલી કે જેનો નોંધણી નંબર-ઉ.૧૯૮૫, તા. ૦૫-૦૧-૧૯૮૪ થી નોંધાયેલ છે. તેની ફડચાની કામગીરી સમાપ્ત થયેલ જાહેર કરૂ છું. તેમજ આજ કાયદાની કલમ-૨૦(૧) હેઠળ મંડળીની નોંધણી રદ કરૂ છું.

અમરેલી, ૧૭ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

એસ. આર. અણીયાળીયા
જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ
અમરેલી

નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં. : નધણ/ક-૨/૨૭૮/૨૮૩૪/૨૦૨૫.-જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજ-કચ્છ, આથી જાહેર કરે છે કે, આર. કે. ક્રેડીટ કો-ઓપરેટીવ સોસાયટી લી., ઓફીસ નં. ૪, પહેલા માળે, પ્લોટ નં. ૧૫, સેકટર-૯એ, રાજદીપ કોમ્પ્લેક્ષ, ગાંધીધામ, તા. ગાંધીધામ, જિ. કચ્છને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ (સને-૧૯૬૨ ના ગુજરાતના કાયદા-૧૦) ની કલમ-૯ મુજબ આજ રોજ નોંધવામાં આવે છે.

નોંધણી નંબર : CSKUTSESH202501957.

ભુજ-કચ્છ, ૧૦ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

એમ. એલ. અગરવાલ
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
ભુજ-કચ્છ.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭/૧૦૮ હેઠળની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીનાં કૃષિ, સહકાર અને ગ્રામ્ય વિકાસ વિભાગનાં તા. ૨૧-૦૭-૨૦૧૧ ના જાહેરનામાં ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૦૫/એનએસબી/૨૦૦૨/૩૦૧૧/ચ

(૩) જનરલ મેનેજર/સી.ઈ.ઓ. ધી જામનગર ડિસ્ટ્રિક્ટ કો.ઓપરેટીવ બેંક લી., જામનગરના પત્ર ક્રમાંક : રીકવરી/૬૬/૧૪૫/૨૦૨૫, તા. ૧૫-૦૧-૨૦૨૫ નો પત્ર.

(૪) અત્રેની કચેરીની ગ-૩ શાખાના પત્ર ક્રમાંક : સપવ/ગ-૩/૫૧/૨૦૨૫, તા. ૩૧-૦૭-૨૦૨૫ નો પત્ર.

(૫) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક : ફડચ/ક-૪/૧૨૪/૧૩૧/૨૦૨૫, તા. ૦૨-૦૯-૨૦૨૫ નો વચગાળાનો આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક:ફડચ/ક-૪/૧૩૪/૧૪૧/૨૦૨૫.-આથી હું, એ. એમ. સિધ્ધપરા, જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, જામનગર, અમોને ઉકત વંચાણે લીધા ક્રમાંક-૨ પરના જાહેરનામાંથી મળેલ સત્તા અને અધિકારની રૂએ શ્રી ખરેડી સેવા સહકારી મંડળી લી., મુ. ખરેડી, તા. કાલાવડ, જિ. જામનગર જેના નોંધણી નંબર-૨૬૦૧, નોંધણી તારીખ : ૧૮-૦૧-૧૯૫૮ ને આમુખમાં જણાવેલ વિગતો ધ્યાને લઈ, ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭(૧)(સી)(૨) જોગવાઈ મુજબ વંચાણે લીધા આંક-૫ થી કરવામાં આવેલ ફડચાના વચગાળાના આદેશને બહાલી આપતો અંતિમ આદેશ કરૂ છું અને સહકારી કાયદાની કલમ-૧૦૮ અન્વયે બ્રાન્ચ મેનેજરશ્રી, જામનગર જિલ્લા સહકારી બેંક લી., ખરેડી શાખા, મુ. ખરેડી, તા. કાલાવડ, જિ. જામનગરની ફડચા અધિકારી તરીકે નિમણૂક કરૂ છુ. નિયુક્ત ફડચા અધિકારીએ ફડચા અધિકારી તરીકે મંડળીના તમામ દફતર, માલમિલ્કતનો ચાર્જ સંભાળીને ફડચાની તમામ કામગીરી નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

જામનગર, ૨૦ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

સહી/- અવાચ્ય
જિલ્લા રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
જામનગર.

નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં. : નઘણ/૦૧/ક-૨/૧૮૭/૧૧૯૬/૨૦૨૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બોટાદ, આથી જાહેર કરે છે કે, શ્રી સમઢીયાળા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. સમઢીયાળા-૧, તા. બોટાદ, જિ. બોટાદની સને-૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

REG. NO. : CSBOTSEMILK202501980

બોટાદ, ૧૨ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં. : નઘણ/૦૧/ક-૨/૨૧૦/૧૧૭૩/૨૦૨૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બોટાદ, આથી જાહેર કરે છે કે, શ્રી ગોપાલ દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. ભડલા, તા. બોટાદ, જિ. બોટાદની સને-૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

REG. NO. : REG/BOT/SE(MILK)/49266/2025.

બોટાદ, ૧૨ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં. : નઘણ/૦૧/ક-૨/૨૦૨/૧૧૮૧/૨૦૨૫.-જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બોટાદ, આથી જાહેર કરે છે કે, શ્રી રામપરા દુધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. રામપરા, તા. બરવાળા, જિ. બોટાદની સને-૧૯૬૧નાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૯ અન્વયે આજ રોજ નોંધવામાં આવેલ છે.

REG. NO. : REG/BOT/SE(MILK)/49265/2025.

બોટાદ, ૧૨ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

એ. ડી. દેસાઇ
જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ
બોટાદ

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૧૪(૧) તથા ૨૦(૧) ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગનાં DT : 21-07-2011 ના જાહેરનામા ક્રમાંક : GHKH/51/2005/NSB/12/2002/3011/CH અને DT : 26-08-2011 ના જાહેરનામા ક્રમાંક : GHKH/62/2011/NSB/12/2002/3011/CH.

(૩) અત્રેની કચેરના ફડચાનાં અંતિમ આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૪૨૮ થી ૪૪૯/૨૦૨૫, તારીખ : ૨૨-૦૭-૨૦૨૫.

(૪) ફડચા અધિકારીશ્રીના તારીખ : ૩૦-૦૮-૨૦૨૫ નો ચાર્જ સંભાળ્યાનો પત્ર.

(૫) ફડચા અધિકારીશ્રીના તારીખ : ૧૭-૧૧-૨૦૨૫ ના પત્રથી રજુ થયેલ નોંધણી રદની દરખાસ્ત.

હુકમ

ક્રમાંક:ફડચ/ગ-૨/૯૦૯ થી ૯૧૯/૨૦૨૫.-આથી હું, ડો. બી. એન. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ વંચાણે લીધા-(૨) ના જાહેરનામાંથી મળેલ અધિકારની રૂએ શ્રી સહગામી હરિવંદના કોલેજ કેમ્પસ નાં કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., મું. મુંજકા, તા. રાજકોટ, જિ. રાજકોટ, (નોંધણી નંબર : ૪૦૩૬૩, તારીખ : ૦૬-૦૮-૨૦૧૨) ની કાયદાની કલમ-૧૧૪ હેઠળ ફડચાની અંગેની તમામ કાર્યવાહી સમાપ્ત જાહેર કરૂ છું તેમજ આ જ કાયદાની કલમ-૨૦(૧) હેઠળ સદરહું મંડળીની નોંધણી રદ કરતો હુકમ કરૂ છું.

વધુમાં કાયદાની કલમ-૨૦(૩)ની જોગવાઈ મુજબ ''રજિસ્ટ્રેશન રદ કર્યાના હુકમની તારીખથી મંડળી વિસર્જિત થયેલી ગણાશે અને તે મંડળી સંસ્થાપિત મંડળી તરીકે અસ્તિત્વમાં હોતી બંધ થશે.''

રાજકોટ, ૨૦ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને કલમ-૧૦૮ ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગનાં DT : 21-07-2011 ના જાહેરનામા ક્રમાંક : GHKH/51/2005/NSB/12/2002/3011/CH અને DT : 26-08-2011 ના જાહેરનામા ક્રમાંક : GHKH/62/2011/NSB/12/2002/3011/CH.

(૩) અત્રેની કચેરીના તારીખ : ૨૬-૦૯-૨૦૨૫ ના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૭૩૬ થી ૭૫૫/૨૦૨૫ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળા આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક:ફડચ/ગ-૨/૯૨૪થી૯૪૭/૨૦૨૫.-આથી હું, ડો.બી.એન.પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ વંચાણે લીધેલ-(૨) ના જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂએ તેમજ આમુખમાં જણાવેલ વિગતોને ધ્યાને લઈ શ્રી ટેલીફોન એકક્ષચેન્જ ઉપલેટા કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., મું. ઉપલેટા, તા. ઉપલેટા, જિ. રાજકોટ નોંધણી નંબર-સે-૨૧૬૧૬, તારીખ : ૨૭-૦૯-૧૯૮૫ ને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા કરેલ વચગાળાના આદેશને કલમ-૧૦૭(૩) અન્વયે બહાલી આપતો આદેશ કરૂં છું.

તેમજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારીશ્રી તરીકે અત્રેની કચેરીના સુશ્રી રાજેશ્વરીબા મંગળસિંહ ઝાલા, ઓડીટર ગ્રેડ-૨(પ્રમા.), સ.મં. રાજકોટ, લગત જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટની નિમણુંક કરૂં છુ. જે અન્વયે સદરહું મંડળીનાં ફડચા અધિકારીશ્રીએ મંડળીની ફડચા અંગેની તમામ કામગીરી સમયમર્યાદામાં પુર્ણ કરવાની રહેશે.

રાજકોટ, ૨૬ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

ડો. બી. એન. પટેલ
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ,
રાજકોટ

નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં. નધણ/ચ/૪૭૦/૧૭૧૪/૨૦૨૫.-આથી જાહેર કરવામાં આવે છે જાલી ક્લસ્ટર લેવલ ફેડરેશન મહિલા ઉધમી વિવિધલક્ષી સહકારી મંડળી લિ., મુ. જાલી, તા. વાંકાનેર, જિ. મોરબીને સને-૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે. જેનો નોંધણી ક્રમાંક : CSMORSA202501977, DATE 12-11-2025 છે.

મોરબી, ૧૨ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં. નધણ/ચ/૪૭૪/૧૭૧૩/૨૦૨૫.-આથી જાહેર કરવામાં આવે છે રાણેકપર ક્લસ્ટર લેવલ ફેડરેશન મહિલા ઉધમી વિવિધલક્ષી સહકારી મંડળી લિ., મુ. રાણેકપર, તા. વાંકાનેર, જિ. મોરબીને સને-૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે. જેનો નોંધણી ક્રમાંક : CSMORSA202501975, DATE 12-11-2025 છે.

મોરબી, ૧૨ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં. નધણ/ચ/૪૭૮/૧૭૧૫/૨૦૨૫.-આથી જાહેર કરવામાં આવે છે કોઠી ક્લસ્ટર લેવલ ફેડરેશન મહિલા ઉધમી વિવિધલક્ષી સહકારી મંડળી લિ., મુ. કોઠી, તા. વાંકાનેર, જિ. મોરબીને સને-૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે. જેનો નોંધણી ક્રમાંક : CSMORSA202501976, DATE 12-11-2025 છે.

મોરબી, ૧૨ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

નોંધણીનું પ્રમાણપત્ર

જા.નં. નધણ/ચ/૪૮૨/૧૭૩૧/૨૦૨૫.-આથી જાહેર કરવામાં આવે છે કે, શ્રી સિંધોઈ ક્રેડીટ કો. ઓપરેટીવ સોસાયટી લિ., મુ. વાંકાનેર, તા. વાંકાનેર, જિ. મોરબીને સને-૧૯૬૧ ના ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે. જેનો નોંધણી ક્રમાંક : CSMORSA202501975, DATE : 19-11-2025 છે.

મોરબી, ૧૨ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

બી. એન. પટેલ
જિલ્લા રજીસ્ટ્રાર
સહકારી મંડળીઓ
મોરબી

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2025.12.11 14:02:42 IST